વડોદરાના સર્કિટ હાઉસ પાસે બેફામ કાર ચાલકનો કહેર

# ઈકો કાર ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા સર્જાયો અકસ્માત; 4 જેટલા ટુ વ્હીલર વાહનોને અડફેટે લીધા

**સદનસીબે** જાનહાનિ ટળી, પણ વાહનોનો કચ્ચરઘાણ






(પ્રતિનિધિ), વડોદરા. તા. 16

વડોદરામાં છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન અને બેફામ ડ્રાઈવિંગ સામાન્ય બની ગયું હોય તેમ લાગે છે. આજે શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા રેલવે સ્ટેશન ગરનાળાથી અલકાપુરી તરફ જવાના માર્ગ પર સર્કિટ હાઉસ પાસે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક પુરપાટ ઝડપે આવતી ઈકો કારના ચાલકે પહેલા એક બુલેટ ચાલક GJ 06 SM 5645 ને ટક્કર મારી ત્યાર બાદ સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા માર્ગ પર ઉભેલા 4 જેટલા ટુ-વ્હીલર વાહનોને અડફેટે લીધા હતા. રેલવે સ્ટેશન વિસ્તારમાંથી અલકાપુરી તરફ જઈ રહેલી એક ઈકો કાર GJ 18 BK 1926 ના ચાલકે અચાનક કાબૂ ગુમાવી દીધો હતો. કાર એટલી ઝડપે હતી કે સર્કિટ હાઉસ પાસે પાર્ક કરેલા 4 જેટલા ટુ-વ્હીલર વાહનો તેની લપેટમાં આવી ગયા હતા. અકસ્માત એટલો જોરદાર હતો કે ટુ-વ્હીલર વાહનોને ભારે નુકસાન પહોંચ્યું હતું. આ અકસ્માતને જોતા આસપાસના લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. જોકે, સદનશીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

અકસ્માત સમયે વાહનો પર સવાર લોકો સમયસૂચકતા વાપરીને ખસી જવામાં સફળ રહ્યા હતા, નહીંતર મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, શહેરના મુખ્ય માર્ગો પર વાહનચાલકો આટલી બેફામ ઝડપે વાહનો કઈ રીતે ચલાવી શકે ? શું ટ્રાફિક પોલીસ માત્ર હેલ્મેટ અને પીયુસીના દંડ ઉઘરાવવા પૂરતી જ મર્યાદિત છે ? ઓવરસ્પીડિંગ કરતા વાહનચાલકો સામે કડક કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી ? નિર્દોષ નાગરિકો ક્યાં સુધી ભોગ બનશે ? વડોદરામાં "રફતારનો કહેર" અટકવાનું નામ નથી લઈ રહ્યો.

અવારનવાર બનતી આવી ઘટનાઓ સાબિત કરે છે કે વાહનચાલકોમાં કાયદાનો કોઈ ડર રહ્યો નથી. રસ્તા પર ચાલતા નિર્દોષ નાગરિકો હવે સુરક્ષિત નથી રહ્યા. જો તંત્ર દ્વારા વેળાસર જાગીને આવા તત્વો સામે કડક પગલાં લેવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં કોઈ નિર્દોષે પોતાનો જીવ ગુમાવવો પડી શકે છે. સ્થાનિક પોલીસ હાલ આ મામલે તપાસ કરી રહી છે અને કાર ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

# શહેર નિઝામપુરા નતાશા પાર્ક પાસે લાઈન તૂટતા રસ્તાઓ પાણી-પાણી!

**પાઈપલાઈન** ફાટતા પીવાના પાણીની અછતનું સંકટ; સ્થાનિકોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન વિરુદ્ધ ભારે રોષ



(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં આવેલી નતાશા પાર્ક સોસાયટી પાસે આજે અચાનક મુખ્ય પાણીની લાઈન તૂટવાની ઘટના બની હતી. નિઝામપુરા બસ ડેપોની બિલકુલ સામે થયેલા આ ભંગાણને કારણે સમગ્ર રોડ પર પાણીની રેલમછેલ જોવા મળી હતી, જેના લીધે સ્થાનિક રહીશો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આજે વહેલી સવારે નિઝામપુરા બસ ડેપોની સામે નતાશા પાર્ક પાસેની સોસાયટીના મુખ્ય માર્ગ પરથી પસાર થતી પાણીની લાઈન અચાનક ધડાકાભેર ફાટી હતી. લાઈન તૂટતાની સાથે જ પાણીનો પ્રવાહ એટલો તીવ્ર હતો કે જોતજોતામાં આખાય વિસ્તારમાં પાણી ફરી વળ્યા હતા. રસ્તા પર ગોઠણસમા પાણી ભરાઈ જતા વાહનચાલકો અટવાયા હતા અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

પીવાના પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ પડતા હજારો લિટર પાણી રસ્તા પર વહી ગયું હતું. એક તરફ કોર્પોરેશન પાણી બચાવવાની વાતો કરે છે, ત્યારે બીજી તરફ જાળવણીના અભાવે આટલા મોટા જથ્થામાં પાણીનો વેડફાટ થતા રહીશોમાં રોષ જોવા મળી રહ્યો છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિકોએ વડોદરા મહાનગરપાલિકાના સંબંધિત વિભાગને જાણ કરી હતી. જોકે, લાંબા સમય સુધી પાણીનો પ્રવાહ ચાલુ રહેતા તંત્રની કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા છે. ઉલ્લેખનીય છે કે નિઝામપુરા એ શહેરનો વ્યસ્ત વિસ્તાર છે, જ્યાં બસ ડેપો હોવાને કારણે સતત અવરજવર રહેતી હોય છે. પાણીના ભરાવાને કારણે ટુ-વ્હીલર ચાલકો સ્લિપ થવાના બનાવો પણ સામે આવ્યા છે.

હાલમાં સ્થાનિકોનો રોષ જોતા પાલિકાની ટેકનિકલ ટીમ દ્વારા લાઈન રિપેરિંગની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે પણ ફોલ્ટ ક્યાં છે એ શોધવા ઠેર ઠેર ખાડા ખોદી નાખ્યા છે. જેથી લોકો માં ભારે રોષ જોવા મળ્યો હતો. લોકોની તેવી લોકમાંગ ઉઠી છે જેથી પાણીનો વેડફાટ અટકે અને જનજીવન ફરી રાબેતા મુજબ બને તે દિશા તાત્કાલિક કામગીરી કરવામાં આવે.

ફાસ્ટ ટેગ અને યુપીઆઈથી ડિજિટલ પેમેન્ટ કરી શકાશે

# 1 એપ્રિલથી નેશનલ હાઈવે પર રોકડમાં ટોલ ટેક્સ સ્વીકારવાનું સંપૂર્ણ બંધ

**ડિજિટલ** પેમેન્ટના નિર્ણયથી વાહન ચાલકોના સમય અને ઈંધણની મોટી બચત થશે



(પ્રતિનિધિ) વડોદરા,તા.16

હાઈવે પર મુસાફરી કરવાના નિયમોમાં ફેરફાર થવા જઈ રહ્યા છે. હાઈવે મુસાફરીને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવા દિશામાં સરકારે એક મોટો અને મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. 1 એપ્રિલથી, દેશભરના તમામ રાષ્ટ્રીય રાજમાર્ગો પરના ટોલ પ્લાઝા પર રોકડ ચુકવણી સંપૂર્ણપણે બંધ કરવામાં આવશે. ટોલ ટેક્સ હવે ફક્ત FASTag અથવા UPI દ્વારા જ ચૂકવી શકાશે. સરકાર માને છે કે આ નિર્ણયથી મુસાફરી સરળ બનશે અને સમય, ઈંધણ અને પૈસાની પણ બચત થશે.

ભારત ઝડપથી ડિજિટલ ઈકોનોમી તરફ આગળ વધી રહ્યું છે. અગાઉ, UPI દ્વારા ટોલ ચુકવણીની સુવિધા શરૂ કરવામાં આવી હતી, જેને સારી રીતે આવકાર મળ્યો હતો. હવે, સરકારે ટોલ પ્લાઝા પર રોકડ ચુકવણી પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે. 1 એપ્રિલ પછી, ટોલ પ્લાઝા પર ફક્ત FASTag અથવા UPI જ સ્વીકારવામાં આવશે. આ નિર્ણય બાદ, દેશભરના ટોલ પ્લાઝા પર કેશ લેન સંપૂર્ણપણે બંધ કરવામાં આવશે. આનાથી મેન્યુઅલ કલેક્શનને કારણે થતી લાંબી કતારોથી રાહત મળશે. સરકારનો દાવો છે કે કેશલેસ ટોલિંગ સિસ્ટમને ઝડપી, વધુ પારદર્શક અને વિશ્વસનીય બનાવશે. FASTag હોવા છતાં, ઘણા લોકો હજુ પણ કેશ લેનનો ઉપયોગ કરતા હતા, જેના કારણે ટ્રાફિક જામ થાય છે, ખાસ કરીને તહેવારો અને પીક અવર્સ દરમિયાન વધુ ટ્રાફિક થાય છે.

સરકારે MLFF સિસ્ટમના પાયલોટ પ્રોજેક્ટ માટે દેશભરમાં 25 ટોલ પ્લાઝાને ચિન્હીત કર્યા છે. આ નવી ટેકનોલોજી લાગુ કરતા પહેલા, નિયમો અને મુસાફરોના અનુભવોનું પરીક્ષણ કરવામાં આવશે. આ પછી, આ સિસ્ટમને દેશભરમાં શરૂ કરવાની યોજના છે. આનાથી ભીડ દૂર થશે, મુસાફરીનો સમય ઓછો થશે અને પ્રદૂષણ ઘટશે. સરકારે મુસાફરોને 1 એપ્રિલ પહેલા તેમના FASTags સક્રિય રાખવા અને પૂરતું બેલેન્સ સુનિશ્ચિત કરવા અથવા UPI ચુકવણી માટે તૈયાર રહેવા વિનંતી કરી છે. કેશલેસ ટોલિંગ અને અવરોધ-મુક્ત હાઈવેની આ પહેલ ભારતમાં રોડ મુસાફરીને સંપૂર્ણપણે બદલી નાખવા માટે તૈયાર છે. ભવિષ્યમાં, ટોલ પ્લાઝા પર કોઈ ભીડ નહીં હોય, અને મુસાફરી ઘણી સારી અને સરળ બનશે.

### ફ્યુલ અને સમયનો બચાવ

ટોલ પ્લાઝા પર વારંવાર સ્ટોપ થવાથી ઇંધણનો વપરાશ વધે છે અને ડ્રાઇવરો થાકી જાય છે. દરેક વખતે સ્ટોપ કરવાથી અને ફરીથી શરૂ કરવાથી સમય અને ડીઝલ બંનેનો બગાડ થાય છે. લાંબા અંતરની મુસાફરી દરમિયાન આ નુકસાન વધુ થાય છે. કેશલેસ સિસ્ટમ આ સમસ્યાને મોટાભાગે દૂર કરશે.

### બેરિયર-ફ્રી ટોલિંગ માટે તૈયારી

કેશલેસ ટોલિંગ લાગુ કરવાનો આ નિર્ણય ભવિષ્યની મોટી યોજનાનો પુરોગામી પણ માનવામાં આવે છે. સરકાર ટૂંક સમયમાં મલ્ટી-લેન ફ્રી ફ્લો (MLFF) ટોલિંગ સિસ્ટમ લાગુ કરશે. આ સિસ્ટમ હેઠળ, ટોલ પ્લાઝા પર કોઈ અવરોધો રહેશે નહીં, જેનાથી વાહનો હાઇવે પર મુક્તપણે મુસાફરી કરી શકશે. ટોલ ફી FASTag અને વ્હીકલ આઈડેન્ટીફિકેશન સિસ્ટમ દ્વારા કટ કરવામાં આવશે.

પોલીસને જોઇને સ્થાનિક લોકોએ ગુજરાત-મકરપુરા પોલીસ જિંદાબાદ'ના નારા લગાવ્યા

# મકરપુરા પોલીસે ત્રણ આરોપીઓને સાથે રાખી હત્યાની ઘટનાનુ રિકન્સ્ટ્રક્શન કર્યું

**ઉત્તરાયણની** પૂર્વ રાત્રીએ સામાન્ય બાબતમાં યુવકને ઢોર માર માર્યા બાદ લોખંડની ગ્રીલ સાથે માથું અથાડતાં મોત થયું હતુ



(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં સામાન્ય બાબતમાં યુવકની હત્યાના કરવાના ગુનામાં ધરપકડ કરાયેલા પિતા અને પુત્ર સહિત 3 આરોપીઓના બે દિવસના રિમાન્ડ મેળવ્યાં છે. ત્યારે મકરપુરા પોલીસે સાથે ત્રણ આરોપીને રાખી સમગ્ર ઘટનાનું રિ-કન્સ્ટ્રક્શન કર્યું હતું. પોલીસ આરોપી લાવ્યો હોવાની વાતો વાયુ વેગે ફેલાતા લોકોના ટોળા ભેગા થઈ ગયાં હતા અને ગુજરાત પોલીસ જિંદાબાદ અને મકરપુરા પોલીસ જિંદાબાદના નારા લગાવવા લાગ્યાં હતા.

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલા શિવશક્તિનગરમાં રહેતા અનુપભાઈ પટેલ ગત 13 જાન્યુઆરીના રોજ રાત્રીના અંદાજે 9:30 વાગ્યા દરમિયાન તેમના ભાભીની મોટી દીકરી અંશીકાનો જન્મદિવસ હોવાથી અનુપભાઈ પટેલ તેમના ઘરે આવ્યા હતા. થોડીવાર બેસીને બર્થડે વિશ કર્યા બાદ તેઓ નોકરી માટે નીકળ્યા હતા. ઘરની બહાર વાતચીત દરમિયાન અચાનક પડોશી રાહુલ યાદવ (મનુ યાદવનો દીકરો) તથા તેની સાથેનો બીજો એક વ્યક્તિ આવ્યો હતો અને અનુપભાઈએ ચાવી લઈ લીધી હોય તેમની સાથે ઝઘડો કરવા લાગ્યો હતો અને ત્યારબાદ રાહુલ, મનુ તથા તથા સુભાષ યાદવ સહિતના લોકોએ ભેગા મળીને અનુપભાઈ પટેલ લાકડીઓ વડે હુમલો કર્યા બાદ તેમને લોખંડની ગ્રીલ સાથે અથાડ્યાં હતા. જેમાં તેમની ગંભીર ઈજાઓ થતા મોત થયું હતું. પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપી રાહુલ યાદવ, સુભાષ યાદવ, મનુ યાદવની ધરપકડ કરી હતી. પિતા અને પિતા પુત્ર સહિતના ત્રણ આરોપીને કોર્ટમાં રજૂ કરીને બે દિવસના મકરપુરા પોલીસે રિમાન્ડ મેળવ્યાં હતા. ત્યારે પીઆઈ એ એમ ગોહિલ સહિતની ટીમ 16 જાન્યુઆરીના રોજ ત્રણ આરોપીઓને લઈને વિસ્તારમાં સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રકશન કરવા માટે પહોંચી હતી. ત્યારે કેવી રીતે ઘટનાને અંજામ આપ્યો હતો તેવી હકીકત આરોપીઓ પાસે કબૂલાવી હતી. ત્યારે સ્થાનિક લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને ગુજરાત પોલીસ જિંદાબાદ અને મકરપુરા પોલીસ જિંદાબાદના નારા લગાવ્યાં હતા. રિમાન્ડ પુરા થયા બાદ ત્રણ આરોપીઓને કોર્ટમાં રજૂ કરાશે.

મંગળ બજારમાં પાલિકાની કડકાઈ સામે 'મહિલા શક્તિ'નો મોરચો

# 'મારી જ લારી કેમ?'ના આક્ષેપ સાથે રસ્તા વચ્ચે મોપેડ આડી નાખી

**દબાણ** શાખાની ટીમ અને લારીધારક મહિલા વચ્ચે હાઈવોલ્ટેજ ડ્રામા




(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા શહેરના સૌથી ભરચક અને વેપારી મથક ગણાતા મંગળ બજાર વિસ્તારમાં શુક્રવારે મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમ ત્રાટકી હતી. શહેરના માર્ગો પર વધતા જતા દબાણોને દૂર કરવાની ઝુંબેશના ભાગરૂપે હાથ ધરાયેલી આ કામગીરી દરમિયાન ભારે હોબાળો મચ્યો હતો. ખાસ કરીને એક મહિલા લારીધારક અને પાલિકાના અધિકારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા વાતાવરણ તંગ બની ગયું હતું.

મહિલાએ પોતાની મોપેડ મહાનગરપાલિકાના ટ્રેક્ટરની આગળ આડી ઊભી રાખી દીધી હતી અને પાલિકાના વાહનને આગળ વધતું અટકાવ્યું હતું.

મહિલાએ રડતા અવાજે પાલિકાના અધિકારીઓ પર પક્ષપાતનો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, "વારંવાર મારી જ લારી કેમ કબજે કરવામાં આવે છે?" મહિલાએ પોતાની પારિવારિક આ ઘટનાને પગલે મંગળ બજારમાં થોડો સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને મોટી સંખ્યામાં લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. સ્થાનિકોમાં આ મુદ્દે મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે, જેમાં કેટલાક લોકો દબાણ હટાવવાની કામગીરીને યોગ્ય ગણાવી રહ્યા છે, જ્યારે કેટલાક ગરીબ લારીધારકો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી રહ્યા છે.

હરણી વારસીયા રિંગ રોડ પર ઉત્તરાયણના દિવસે ખુની ખેલ ખેલાયો હતો

# યુવક સહિત ત્રણ લોકો પર ચાકુથી હિંસક હુમલો કરનાર દંપતી તથા પુત્ર ઝડપાયા

**અગાઉ** થયેલા ઝઘડાની અદાવત રાખીને યુવક, તેના ભાઇ તથા જીજાજીને ઘ કરાયાં



(પ્રતિનિધિ) વડોદરા તા.16

હરણી વારસીયા રિંગ રોડ પર આવેલી સ્વાદ ક્વાર્ટર વિસ્તારમાં ઉત્તરાયણની રાત્રીના સમયે ત્રણ યુવકો પર પિતા પુત્રે ચાકુથી હુમલો કર્યો હતો. જેની ફરિયાદ યુવકે વારસીયા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે હત્યાનો પ્રયાસનો ગુનો દાખલ કરીને દંપતી તથા પુત્રની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

હરણી વારસીયા રિંગ રોડ પર આવેલા સવાદ ક્વાટર્સમાં ગત 14 જાન્યુઆરીના રોજ રાત્રીના દસેક વાગ્યાના સુમારે ન્યુ વી.આઇ.પી રોડ આવેલી ગુરૂદ્વારાની પાછળ અગાઉ થયેલા જુના ઝઘડાની અદાવત રાખી પ્રેમ રમેશ મારવાડી, રમેશ મોહન મારવાડી તથા વૈશાલીબેન રમેશ મારવાડીએ નિકુલ ઉર્ફે ભઈલુ નટવરભાઈ સોલકી (રહે ખોડીયારનગર વડોદરા), મનીષભાઈ ઉર્ફે બોની દશરથભાઈ સોલંકી સાથે બોલાચાલી ઝઘડો જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી પ્રેમ મારવાડીએ ચપ્પુ વડે યુવક તથા તેના જીજાજી મનીષભાઈ ગોપાલભાઈ સોલંકી પર ચાકુથી હુમલો કર્યો હતો. દરમિયાન યુવકના માસીના દિકરા બોની દશરથભાઈ સોલંકી છોડાવવા પડતા તેને પણ આરોપી પ્રેમ મારવાડીએ ચપ્પાના ઘા માર્યા હતા. રમેશ મારવાડી અને વૈશાલીબેન મારવાડીએ પણ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી જીવલેણ હુમલો કર્યો હતો. જેથી યુવક તથા તેના જીજાજી તથા ભાઈને ચાકુના તાત્કાલિક એસએસજી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યાં હતા. જેથી યુવકની ફરિયાદના આધારે પોલીસે પ્રેમ રમેશ મારવાડી, રમેશ મોહન મારવાડી તથા વૈશાલીબેન રમેશભાઈ મારવાડીને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા ગ્રામ્ય જિલ્લા પેરોલ-ફર્લો સ્કવોડની ટીમનો સપાટો

# મુંબઈ-દિલ્હી એક્સપ્રેસવે પર ટેન્કરમાંથી ડીઝલ ચોરી કરનાર ત્રિપુટી ઝડપાઈ

**70 લીટર** ડીઝલ ચોરીના ગુનામાં સંડોવાયેલા ત્રણ આરોપી કપુરાઈ ચોકડી પાસેથી પકડાયા



(પ્રતિનિધિ) વડોદરા, તા. 16

કરજણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ હાઈવે પર ટેન્કરમાંથી ડીઝલની ચોરીના ગુનામાં સંડોવાયેલા ત્રણ આરોપીઓને વડોદરા ગ્રામ્ય જિલ્લા પેરોલ-ફર્લો સ્કવોર્ડની ટીમે ઝડપી પાડ્યા છે. ત્રણેય આરોપીઓને આગળની કાર્યવાહી માટે કરજણ પોલીસને સુપ્રત કરવામાં આવ્યા છે.

વડોદરા ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ઓપરેશન પરાક્રમ અંતર્ગત મિલ્કત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી પાડવાની કાર્યવાહી ચાલી રહી છે. આ દરમિયાન કરજણ પોલીસ સ્ટેશન વિસ્તારના સુરવાડા ગામની સીમમાં મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ હાઈવે પર ઉભેલા ટેન્કરમાંથી અંદાજે 70 લીટર (રૂ. 6,440 કિંમતનું) ડીઝલ ચોરી કરાયાનું બહાર આવ્યું હતું.

આ ગુનામાં સંડોવાયેલા નાસતા ફરતા આરોપી વિજય ફતેસિંહ સોલંકી (રહે. અમરાપુરા, તા. સાવલી, જિ. વડોદરા), અંકીત ઉર્ફે મથુર નરવતસિંહ ચાવડા તથા વિજય ઉર્ફે ગોપાલ વનરાજ પરમાર (બન્ને રહે. કોટલીન્ડોરા, તા. ઠાસરા, જિ. ખેડા)ની સંડોવણી બહાર આવતા પેરોલ-ફર્લો સ્કવોર્ડે શોધખોળ હાથ ધરી હતી. બાતમીના આધારે કપુરાઈ ચોકડી ખાતે રેડ કરીને ત્રણેય ડીઝલ ચોરને ઝડપી પાડવામાં આવ્યા હતા. હાલ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી માટે કરજણ પોલીસ સ્ટેશનમાં કેસ ચલાવવામાં આવી રહ્યો છે.

લગ્નની લાલચ તથા ધાકધામકી આપીને નરાધમનો દ્વારા યુવતીઓ પોતાની હવસનો શિકાર બનાવાઇ

# શહેરમાં વર્ષ 2025 દરમિયાન 18 યુવતી દુષ્કર્મનો ભોગ બની

**વર્ષ 2024માં** દુષ્કર્મનો આંકડો 30 નોંધાયો હતો જેમાં વર્ષ 2025 ઘટાડો નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.16

આજના આધુનિક અને ડિજિટલ યુગમાં મોબાઈલ મરજીયાતના બદલે હવે ફરજિયાત થઇ ગયો છે. મોબાઈલ ઘણો ઉપયોગી સાબિત થાય છે પરંતુ કેટલાક લોકો આ મોબાઈલમાં બીભત્સ પોર્ટ વીડિયો જોતા હોવાના કારણે તેમના માનસ પર વિકૃતિનું એક પ્રકારનું આવરણ જામી જાય છે અને આવી વિકૃતિના કારણે દુષ્કર્મ ગુજારે છે, જ્યારે કેટલાક યુવકો લગ્નની લાલચ આપીને દુષ્કર્મ ગુજાર્યું હોય તેવા મળીને વડોદરા શહેરમાં વર્ષ 2024માં 30 દુષ્કર્મના કેસ નોંધાયા હતા જે વર્ષ 2025માં ઘટીને 18 ગુના વિવિધ પોલીસ સ્ટેશનમાં દાખલ થયા છે.

ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત દેશમાં દરેક પ્રકારના લોકો હવે સ્માર્ટનો ઉપયોગ કરતા થઇ ગયાં છે. ભલે ઘરમાં કાચું હોય પરંતુ સ્માર્ટ ફોન તો જાણ ફરજિયાત થઇ ગયો છે. મોબાઈલ, ટીવી, ફ્રીજ, એસીને મોજશોખની વસ્તુમાં સ્થાન આપવામાં આપવામાં આવતું હતું. અને આ તમામ વસ્તુ મરજીયાત હતી. તેના વગર લોકો ચલાવી લેતા હતા. પરંતુ આજની ભોગદોડ ભરી જિંગદમાં આ મોજશોખની વસ્તુઓએ જરીયાતમંદ બની ગઇ છે. તેમાં પણ વાત મોબાઈલની કરવામાં આવે તો મોબાઈલનો મુખ્ય હેતુ ઈમરજન્સીમાં વાત કરવા માટે થાય છે. પરંતુ હાલના યુગમાં મોબાઈલ તો ફરજીયાત થઇ ગયો છે. જાણે મોબાઈલ જો ન હોય જીવન સ્તબ્ધ થઇ ગયું હોય તેવુ લાગે છે અને એ વાત પણ સાચી ઠરી રહી છે. કારણે ડગલે પગલે મોબાઈલની જરૂર ઉભી થાય છે. જેના કારણો મોબાઈલ પાસે ના હોય માણસ અધૂરો થઇ ગયો હોય તેવુ લાગે છે.

મોબાઈલથી લોકોની જીવનકાર્ય સહેલાઈથી થવા સાથે ઘણી મદદરૂપ પણ થતો હોય છે, પરંતુ ઘણા લોકો આ મોબાઈલનો સદ ઉપયોગ કરવાના બદલ તેનો દુરુપયોગ કરતા થઇ ગયાં છે. નવરા બેઠા કે તુરંત સોશિયલ મીડિયા ઓપન કરીને રીલ તથા વીડિયો જોવા લાગી જતા હોય છે. તેવામાંને તેવામાં સગીર બાળકો તથા યુવકોને મોબાઈલ એકલાના ઉપયોગ માટે અપાય તો તેઓ કોઈ સારી વસ્તુ જોવા બદલે તેમાં બીભત્સ વીડિયો બતાવતી પોર્ન સાઈટના જોવાના રવાડે ચડી જતા હોય છે. જેના કારણે સારા વિચારો તેમના દિમાંગમાં ઉતરવાના જગ્યા વિકૃતિ સ્થાન ગ્રહણ કરી લે છે. જેના કારણે દિન પ્રતિદીન બળાત્કાર અને શારીરિક અપડલ તથા ગેંગ રેપ સહિતના કિસ્સા વધી રહ્યા છે. જેમાં હવે પરિવાર સગીર દીકરીઓને એકલી રાખવી પણ સેફ નથી. વર્ષ 2024માં બીએનએસ 69 હેઠળ બળાત્કારના 30 કેસ નોંધાયા હતા જે વર્ષ 2026માં ઘટીને 18 રેપના ગુનાં પોલીસ ચોપડે દાખલ થયા છે. જેમાં પોલીસ દ્વારા દુષ્કર્મ ગુજારનાર આરોપીઓની ધરપકડ કરીને તેમને જેલ ભેગા કરી દીધા છે.

### જાતીય સતામણીના વર્ષ 2025માં 51 કેસ નોંધાયા

સંસ્કારી નગર વડોદરામાં સગીરા તથા યુવતીઓની એકલતાનો લાભ લઇને શારીરિક છેડછાડ કરવામા આવતી હોવાના બનાવો બનતા હોવાના કારણે માતા પિતા સહિતનો પરિવાર સગીરાઓને એકલી રાખતા હાલમાં ડરી રહ્યો છે. ત્યારે કેટલાક કિસ્સામાં લોકો દ્વારા ધાક ધમકી આપીને સગીરાઓ તથા યુવતીઓની જાતીય સતામણી કરતા હોય છે. ઉપરાંત કેટલાક લોકો દ્વારા યુવતીઓની મજબુરીનો ફાયદો ઉઠાવીને પણ હેરાન કરાય છે. જેમા વર્ષ 2024 જાતીય સતામણીના 43 કેસ જ્યારે આ કેસ વર્ષ 2025માં વધી 51 થઇ ગયા છે.

### શારીરિક માનસિક ત્રાસના કેસમાં ગત વર્ષ કરતા વધારો નોંધાયો

યુવક અને યુવતીઓના સામાજિક રીત રિવાજ મુજબ લગ્ન સગા સંબંધીઓના હાજરીમા થતા હોય છે.ઉપરાંત કેટલાક યુવક અને યુવતીઓ પોતાના મનપસંદ પાત્ર સાથે લવ મેરેજ કે કોર્ટ મેરેજ કરી સંસાર માડે છે. પરંતુ લાચિયા પતિ સહિતના સાસરીયા દ્વારા દહેજ માટે પરીણીતાને શારીરિક તથા માનસિક ત્રાસ આપવામાં આવે છે. જ્યારે કેટલાક કિસ્સામાં પતિ દ્વારા અન્ય મહિલા સાથે આડા સંબંધ હોવાના કારણે પત્ની પર ત્રાસ ગુજારે છે. તો ઘણા શંકાસીલ પતિ પત્નીને અન્યો સાથે આડા સંબંધ હોવાનો શક રાખીને હેરાન પરેશાન કરતા હોય છે. ત્યારે વર્ષ 2024માં પતિ અથવા સાસરીયા દ્વારા શારીરિક માનસિક ત્રાસ ગુજારાયો હોય તેવા 75 કેસ હતા જે વધી વર્ષ 2025માં 87 ડોમેસ્ટિક વાયોલેન્સના ગુનો પોલીસ સ્ટેશનોમાં નોંધાયા છે.

# હવામાનમાં ફેરફાર થતા ઠંડીનો પારો વધીને 11.8 ડીગ્રી પર પહોંચ્યો

**બપોરે** ગરમી અને રાત્રે ઠંડીના કારણે બેવડી ઋતુનો અનુભવ

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરામાં શિયાળાની સીઝનનો સૌથી નીચું 10 ડીગ્રી તાપમાન ગુરુવારે નોંધાયા બાદ શુક્રવારે ઠંડીનો પારો ઊંચે ચડ્યો હતો. 1.8 ના વધારા સાથે વધીને લઘુત્તમ તાપમાન 11.8 ડિગ્રી નોંધાયું હતું. હવામાનમાં થયેલા ફેરફારના કારણે નગરજનોને બેવડી ઋતુ સાથે બપોરે ગરમી અનુભવાય હતી.

અત્યાર સુધી ઉત્તર-પૂર્વીય ઠંડા પવનો ફૂંકાતા હતા, હવે પવનની દિશા બદલાઈને દક્ષિણ-પૂર્વીય થવાની શક્યતા છે. જેના કારણે તાપમાનમાં ફેરફાર જોવા મળશે અને બેવડી ઋતુનો અનુભવ થઈ શકે છે. હવામાન વિભાગ અનુસાર આગામી એક અઠવાડિયા સુધી વાતાવરણ સંપૂર્ણપણે શુષ્ક રહેવાની શક્યતા છે. જ્યારે,નિષ્ણાંતોના મતે રાજ્યના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ થવાની શક્યતાઓ છે. આગામી 22 જાન્યુઆરી બાદ રાજ્યના હવામાંનામાં પલટો આવશે. દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમ વર્ષા સાથે પવનના તોફાન આવશે. દક્ષિણ ગુજરાતના હવામાનમાં પણ પલટો આવશે. તો આગામી 29 જાન્યુઆરી થી 5 ફેબ્રુઆરી સુધી પણ રાજ્યના હવામાનમાં પલટો આવશે.

નોંધનીય છે કે, વડોદરા શહેરમાં સીઝનનો સૌથી ઘરાવતો દિવસ ગુરુવારે નોંધાયો હતો શહેરમાં ઉત્તર પૂર્વના પવન ફૂંકાતા ઠંડીનો પારો ચાર ડિગ્રી ગગડીને દસ ડિગ્રી પહોંચી ગયો હતો. જેથી દિવસે ઠંડી અનુભવાય હતી અને સવારે તેમજ સાંજે ઠંડા પવનને કારણે લોકો ઠુંઠવાયા હતા. ત્યારે, શુક્રવારે વડોદરા શહેરનું મહત્તમ તાપમાન 32.2 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 11.8 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 77% અને સાંજે 32% નોંધાયું હતું.